**હેલ્પલાઈન: ૧૦૪**

सत्यमेव जयते

**COVID-19અખબારી યાદી ક્રમાંક:૬૦**

આરોગ્યઅને પરિવાર કલ્યાણ વિભાગ,

ગાંધીનગર.

ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૧૮ ઈ-મેલ: ssoidsp@gmail.com

તા.૩૧.03.૨૦૨૦,૧૦.00

કલાક

## ગત અખબારી યાદી બાદનવા કેસ અને મરણની સ્થિતિ

| જિલ્લો | આજના કેસ | આજના મરણ |
|---|---|---|
| અમદાવાદ | ૧ | 0 |
| ગંધીનગર | ૧ | 0 |
| રાજકોટ | ૧ | 0 |
| કુલ | 03 | 0 |

## ગત અખબારી યાદી બાદ નવા નોંધાયેલ કેસોની વિગત-03

| ક્રમ | ઉંમર વર્ષ | જાતિ | જીલ્લાનું નામ | પ્રવાસની વિગત | હોસ્પિટલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૫૫ | પુરુષ | અમદાવાદ | લોકલ ટ્રાન્સમીશન | એસ.વી.પી.હોસ્પિટલ અમદાવાદ |
| ૨ | ૩૨ | સ્ત્રી | ગાંધીનગર | લોકલ | એસ.વી.પી.હોસ્પિટલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | ટ્રાન્સમીશન | અમદાવાદ |
| ૩ | ૨૮ | પુરુષ | રાજકોટ | લોકલ ટ્રાન્સમીશન | ક્રિસ્ટ હોસ્પિટલ રાજકોટ |

## ગત અખબારી યાદી બાદ નવા નોંધાયેલ મરણની વિગત- ૦૦

### હોસ્પિટલમાં દાખલ દર્દીઓની વિગત

| ક્રમ | અત્યાર સુધીના કુલ પોઝીટીવ દર્દી | દાખલ દર્દી | | ડીસ્ચાર્જ | મૃત્યુ |
|---|---|---|---|---|---|
| | | વેન્ટીલેટર | સ્ટેબલ | | |
| ૧ | ૭૩ | ૦૨ | ૬૦ | ૦૫ | ૦૬ |

### કોરોન્ટાઇન ફેસિલીટીની વિગતો

### ૨૫૭કોરોન્ટાઇન ફેસિલીટી- ૧૫, ૨૮૪ બેડ

| ક્રમ | હોમ કોરોન્ટાઇન | સરકારી ફેસિલીટીમાં કોરોન્ટાઇન | પ્રાઇવેટ ફેસિલીટીમાં કોરોન્ટાઇન | કુલ કોરોન્ટાઇન સંખ્યા | એફ.આઇ.આર. ની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૮૦૭૮ | ૭૪૧ | ૨૦૭ | ૧૯૦૨૬ | ૨૩૬ |

### લેબોરેટરી પરીક્ષણની વિગત

| કુલ ટેસ્ટ | પોઝીટીવ | નેગેટીવ | પેન્ડીંગ |
|---|---|---|---|
| ૧૩૯૬ | ૭૩ | ૧૩૨૨ | ૦૧ |

### હાઉસ ટુ હાઉસ સર્વેની વિગતો

| ક્રમ | સર્વે કરેલ વસ્તી | સર્વે દરમ્યાન પ્રવાસ કરેલ વ્યકિતઓની સંખ્યા | આંતર રાજય પ્રવાસ કરેલ વ્યકિતઓની સંખ્યા | આંતર રાષ્ટ્રીય પ્રવાસ કરેલ વ્યકિતઓની સંખ્યા | આંતર રાષ્ટ્રીય પ્રવાસ કરેલ વ્યકિતઓ પૈકી રોગના ચિહ્નો હોય તેવા વ્યકિતઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૧૫૮૬૮૬૦ | ૯૩૭૬૬ | ૭૬૧૦૧ | ૧૭૬૬૫ | ૨૫૧ |

| જિલ્લો | કેસ | | | | મૃત્યુ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | પ્રવાસની વિગત | | | સંખ્યા | પ્રવાસની વિગત | | |
| | | વિદેશ | આંતર રાજ્ય | લોકલ | | વિદેશ | આંતર રાજ્ય | લોકલ |
| અમદાવાદ | ૨૩ | ૧૪ | ૨ | ૭ | ૩ | ૧ | ૦ | ૨ |
| સુરત | ૯ | ૫ | ૧ | ૩ | ૧ | ૦ | ૧ | ૦ |
| રાજકોટ | ૧૦ | ૩ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| વડોદરા | ૯ | ૬ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ગાંધીનગર | ૧૧ | ૨ | ૦ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ભાવનગર | ૬ | ૦ | ૧ | ૫ | ૨ | ૦ | ૧ | ૧ |
| કચ્છ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહેસાણા | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ગીર-સોમનાથ | ૨ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| પોરબંદર | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૭૩** | **૩૨** | **૪** | **૩૭** | **૬** | **૧** | **૨** | **૩** |

## રોગની પરીસ્થિતિ

| કોરોના વાયરસ રોગની પરીસ્થિતિ | | | |
|---|---|---|---|
| | વિશ્વ | ભારત | ગુજરાત |
| નવા કેસ | ૫૮૪૧૧ | ૧૮૦ | ૦૩ |
| કુલ કેસ | ૬૯૩૨૨૪ | ૧૨૫૧ | ૭૩ |
| નવા મરણ | ૩૨૧૫ | ૦૩ | ૦૦ |
| કુલ મરણ | ૩૩૧૦૬ | ૩૨ | ૦૬ |

## કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતીમાં ગુજરાતમાં સાવચેતી અને તકેદારીના આગોતરા પગલાં સાથે કેટલાંક અગમચેતીના નિર્ણયો

- **કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતીને ધ્યાને લઇ <u>તા.૧૪/૦૪/૨૦૨૦ મધ્ય રાત્રી સુધી સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવાનો ભારત સરકારે નિર્ણય લીધો છે.</u>**

જે અંતર્ગત રાજ્ય સરકાર જરૂરી કાર્યવાહી હાથ ધરી રહી છે અને લોકોને મુશ્કેલી પડે નહિ તેની કાળજી લેવામાં આવી રહી છે. ત્યારે **માન.મુખ્યમંત્રીશ્રીએ આ પરિસ્થિતીમાં થેલેસિમીયા અને અન્ય હિમોગ્લોબીનોપથીથી ગ્રસ્ત બાળકો અને દર્દીઓને મુશ્કેલી ન પડે** તે માટે સુચના આપેલ જેને ધ્યાને લઇ ઇન્ડિયન રેડક્રોસની મદદથી જીલ્લા અને તાલુકા મથકે આવેલ સરકારી હોસ્પિટલો ખાતેઆવા તમામ દર્દીઓને જરૂરી સારવાર મળી રહે તે માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

- કોરોના વાયરસ રોગ અટકાયત અંગે કરવામાં આવતી કામગીરીના મોનીટરીંગ હેતુ સિનીયર IAS અધિકારીઓને વિવિધ જીલ્લા ફાળવવામાં આવ્યા છે. જેમાં શ્રી જે.પી.ગુપ્તા,મુખ્ય રાજયકર કમિશ્નરશ્રીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના મળી કુલ-૧૩ જીલ્લાઓ અને શ્રી મુકેશકુમાર,વાઇસ ચેરમેન અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી,મેરીટાઇમ બોર્ડને મધ્ય અને દક્ષિણ ગુજરાતના મળી કુલ- ૧૪ જીલ્લાઓ ફાળવવામાં આવ્યા છે.
- રાજયમાં હાલની પરિસ્થિતિ કે જેમાં હાલ લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહયું છે. તેને ધ્યાને લઇ રાજય સરકારે સઘન સર્વેલન્સ કામગીરી હાથ ધરવાનો નિર્ણય લીધો છે. જેનું ઘનિષ્ટ મોનીટરીંગ કમિશ્નરશ્રી (આ.) ની કચેરીથી કરવામાં આવશે. આ સર્વેલન્સમાં પોઝીટીવ મળતાં દર્દીઓના આજુબાજુના કન્ટેન્મેન્ટ ઝોન અને બફર ઝોનમાં ભારત સરકારની માર્ગદર્શીકા અનુસાર કામગીરી હાથ ધરવામાં આવશે.
- રાજય સરકારની **હેલ્પલાઇન નંબર -૧૦૪** ઉપર પર નિયમિત રીતે વ્યકિતઓ મદદ માંગી રહયા છે અને માહિતી મેળવી રહયા છે. **અત્યાર સુધી ૨૬,૦૦૦ થી વધુ** આવા કોલ આવેલ છે જયારે હેલ્પલાઇન ઉપર વ્યકિતઓ પોતાના લક્ષણોની વિગતો આપે તો આવા વ્યકિતઓને પણ નિરીક્ષણ હેઠળ લઇ જરૂરી સારવાર પુરી પાડવામાં આવી રહી છે. જે પૈકી **૪૭૨ જેટલા વ્યકિતઓને** આ રીતે સારવાર પુરી પાડવામાં આવી છે.

## વેન્ટીલેટર કેર તાલીમ

- રાજયના ર્ડાકટરો અને પેરામેડીકલ સ્ટાફને વેન્ટીલેટર કેરની તાલીમ આપવા માટે રાજયની મેડીકલ કોલેજોમાં તા.૩૦/૦૩/૨૦૨૦ સુધીમાં ૨૦૦ જેટલા તબીબી અધિકારીઓ,૧૧૪ ડેન્ટલ સર્જન, ૫૭ આયુષ, ૩૭૮ સ્ટાફ નર્સ અને ફીજીયોથેરાપીસ્ટ તથા ૭૦૦ થી વધુ આરોગ્યકર્મીઓને તાલીમ આપવામાં આવેલ છે. વધુમાં તા.૦૧/૦૪/૨૦૨૦ થી રાજયના ૨૮ બીજા સેન્ટરો ખાતે આ તાલીમ શરૂ કરી ૧૪૦૦ જેટલા આરોગ્યકર્મીઓને વેન્ટીલેટર કેરની તાલીમ આપવામાં આવશે.
- વધુમાં ૨૩૬૭ તબીબો, ૧૩૦૦ જેટલા આયુષ, ૨૬૦ ફીજીયોથેરાપીસ્ટ, ૨૬૬ ડેન્ટલ સર્જન અને ૫૦૦૦ જેટલા સ્ટાફ નર્સને COVID-19 ને લગત આનુષંગિક તાલીમ આપવામાં આવશે.

- **<u>૧૧૦૦ હેલ્પલાઇન તથા ટેલી મેડીસીનની સુવિધા</u>**
  - પ્રર્વતમાન કોરોના વાઇરસની વૈશ્વિક મહામારીનાં કારણે રાજયમાં કોરોના વાઇરસનાં ચેપગ્રસ્ત દર્દીઓ અને તેના કુટુંબીજનો તેમજ તેમના સંપર્કમાં આવેલ વ્યકિતઓને આઇસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવેલ છે. આથી આવા ક્વોરન્ટાઇનમાં રહેલ વ્યકિતઓનાં શારિરીક તેમજ માનસિક સ્વાસ્થયની સમસ્યાઓ માટે રાજ્યમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઇન જીવીકે ઇએમઆરઆઇ ૧૦૮ કઠવાડા અમદાવાદ ખાતે શરૂ કરવાનું કરવામાં આવેલ છે. આ હેલ્થલાઇન દ્વારા આઇસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઇન

કરવામાં આવેલ લાભાર્થી દર્દીઓને ૨૪ x૭ કલાક માટે એમ.બી.બી.એસ,એમ.ડી. ફિઝિશિયન,કલીનીકલ સાઇકોલોજીસ્ટ અને સાઇક્રીયાટ્રીસ્ટ નિષ્ણાંત તબીબ દ્વારા ટેલી મેડિસીન,ટેલી કાઉન્સેલીંગ (પરામર્શ) અને ટેલી એડવાઇઝ(સલાહ) આપશે.

- આ હેલ્પલાઇનમાં ૪-શિફ્ટમાં કુલ-૧૬ કાઉન્સેલર તેમજ ૪-નિષ્ણાંતોની ટીમ ટેલી મેડિસીન,ટેલી કાઉન્સેલીંગ પરામર્શ) અને ટેલી એડવાઇઝ (સલાહ) આપવા માટે રાઉન્ડ ધી ક્લોક ફરજ બજાવશે.
- તાજેતરમાં કોરોના વાઇરસને કારણે લોકડાઉનની પરીસ્થિતીમાં ટેલી મેડીસીનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેના માટે ૦૭૯-૨૨૬૮૮૦૨૮ નંબર ઉપર સવારના ૦૯:૦૦ થી ૧૦:૦૦ ની વચ્ચે ફોન કરી ટેલી મેડીસીનની સુવિધા મેળવી શકાશે.

- વેન્ટીલેટર સહિતના અદ્યતન સાધનોની સુવિધા ધરાવતા આઈસોલેશન વોર્ડ શરુ કરવામાં આવેલ છે. હાલ રાજ્યમાં કુલ ૪૩૦૦ થી વધુ આઈસોલેશન બેડ સરકારી હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. અને ૬૩૫ બેડની વ્યવસ્થા ખાનગી હોસ્પિટલો ખાતે ઉપલબ્ધ છે. તેમજ આ ઉપરાંત વધુ બેડ ઉભા કરવાની વ્યવસ્થા પ્રગતિમાં છે.
- રાજ્યમાં ગંભીર દર્દીઓની સારવાર માટે તમામ વિભાગોમાં થઇને **સરકારી હોસ્પિટલો ખાતે ૧૦૬૧ વેન્ટીલેટર** ઉપલબ્ધ છે. અને **ખાનગી સંસ્થાઓમાં અંદાજીત ૧૭૦૦ જેટલા વેન્ટીલેટર** ઉપલબ્ધ છે.

- રાજયના તમામ હોસ્પિટલો અને તબીબો પાસેથી SARIના કેસોની માહીતી તાત્કાલિક મળી રહે  તે માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા Dr.TeCHO Application શરૂ કરવામાં આવેલ છે.
- રાજ્યમાં હાલની નોવેલ કોરોના વાયરસ ( કોવિડ-૧૯) ના સંક્રમણની પરિસથિતિમાં જરૂરી તમામ દવાઓ, સાધન સામગ્રી, માનવબળ અને તમામ અન્ય કોઇપણ જરૂરી વસ્તુઓ,સેવાઓ તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરી શકાય તે હેતુસર રાજ્ય સરકારે ખાસ ખરીદ સમિતિ બનાવવામાં આવેલ છે.
- રાજ્યની અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર તથા રાજકોટ ખાતેની મેડિકલ કોલેજોમાં અને અમદાવાદ ખાતેની ત્રણ ખાનગી લેબોરેટરી ન્યુબર્ગ સુપ્રાટેક લેબોરેટરી યુનીપેથ લેબોરેટરી અને પાન જીનો મિકસ લેબોરેટરી અમદાવાદમાં કોવિડ-૧૯ માટે લેબોરેટરી ટેસ્ટીંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

**ડ્રગ્ઝ એન્ડ લોજીસ્ટીક**

- ભારત સરકારશ્રી દ્વારા માસ્ક અને સેનીટાઇઝરને જરૂરીયાતની વસ્તુની કેટેગરીમાં સામેલ કરેલ છે.  રાજયમાં COVID-19 રોગચાળાની શરૂઆતથી અત્યારસુધીમાં એન-૯૫ માસ્ક ૯.૭૫ લાખ ,પી.પી.ઇ. કીટ૩.૫૮ લાખ  અને ટ્રીપલ લેયર માસ્ક ૧.૨૩ કરોડ જથ્થાની ખરીદી કરી ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. ૧૫૦ વેન્ટીલેટર ખરીદીના આદેશો અપાઇ ગયેલ છે.

- COVID-19 અંગેની પ્રોફાઇલેક્સીસ માટેની દવા **ટેબ. હાઇડ્રોક્સીક્લોરોક્વીન** નામની દવાને **શીડયુલ H1 ડ્રગ** તરીકે જાહેર કરેલ છે. જેથી હવે આ દવા માત્ર અને માત્ર અધિકૃત **ડોકટરના પ્રિસ્કીપશન પર જ** મળી શકે છે.

**રોગઅંગે કોઇપણ પ્રકારની માહિતી મેળવવા માટે**
**હેલ્પલાઇન નંબર ૧૦૪ તેમજ ટવીટર હેન્ડલ**